ગાંધીનગર સમાચાર

કલાગુર્જરી દ્વારા શનિવારે 'સરહદના સુર' કાર્યક્રમ

# શહેરમાં હવે દર ગુરૂવારે ખેડૂત શાકભાજી માર્કેટ ભરાશે

## તા. ૨૫મી ડિસેમ્બરના રવિવારથી સે-૩ સાંઈબાબા મંદિરે પણ ખેડૂત શાકભાજી માર્કેટ ભરાશે ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઇકો ફ્રેન્ડ્રલી બેગ ખેડૂતોને અપાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં દર રવિવારે ભરાતા ખેડૂત શાકભાજી માર્કેટને સારો પ્રતિસાદ મળ્યો છે. ગાંધીનગરના નગરજનોની અને ખેડૂતોની લાગણીને ધ્યાને રાખીને જિલ્લા કલેકટર સતીશ પટેલ દ્વારા ખેડૂત શાકભાજી માર્કેટને દર ગુરૂવાર ભરાય તે માટેનું સુચારું આયોજન કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે. તેમજ આગામી રવિવારથી ગાંધીનગરના સેકટર-૩ ખાતે આવેલા સાંઈ મંદિર પાસે પણ ખેડૂત શાકભાજી માર્કેટ ભરાશે. ગત રવિવાર કરતા ગાંધીનગર શહેરમાં આ રવિવારે વિવિધ સ્થળોએ ૨૮ જેટલા વધુ ખેડૂતો શાકભાજી વેચવા આવવાના છે. સમગ્ર જિલ્લામાં રવિવાર કરતા ૯૫ જેટલા વધુ ખેડૂતોએ શાકભાજી વેચવા આવવા માટે પોતાના નામની નોંધણી કરાવી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના વિવિધ સ્થળોએ છેલ્લા બે રવિવારથી ખેડૂત શાકભાજી માર્કેટ ભરાય છે, આ ખેડૂત શાકમાર્કેટને સારો પ્રતિસાદ સાંપડયો છે. તેમજ ધીરે ધીરે આ શાકભાજી માર્કેટમાં ભાગ લેવા જિલ્લા અને અન્ય જિલ્લાના ખેડૂતોનું આકર્ષણ વધ્યું છે. ગત રવિવારે ગાંધીનગર શહેરના સેક્ટર – ૨૧, ૨૨ અને



૨૪ ખાતે કુલ ૧૭ ખેડૂતો શાકભાજીનું વિતરણ કરવા માટે આવ્યા હતા. પણ તા. ૨૫મી રવિવારે ગાંધીનગર શહેરમાં ૨૮ જેટલા વધુ ખેડૂતો પોતાનું શાકભાજી વેચવા આવવા માટે નામની નોંધણી કરાવી છે. દહેગામ નગરપાલિકામાં પણ ગત રવિવારે ૩૦ જેટલા ખેડૂતો શાકભાજી વેચવા આવ્યા હતા. આ રવિવારે ૫૭ જેટલા ખેડૂતો શાકભાજી વેચવા માટે આવવાના છે.

ગાંધીનગર શહેરમાં નવા સેકટરોના રહીશોને છેક સેકટર-૨૧, ૨૪ અને ૨૨ ખાતે શાકભાજી લેવા ન જવું પડે તે માટે સેકટર- ૩ના સાંઈ મંદિર ખાતે પણ ખેડૂત શાકભાજી માર્કેટનો આરંભ થનાર છે. તેની સાથે ગુડા વિસ્તારમાં કુડાસણ ખાતે આવેલી ગુડા દ્વારા ફાળવેલ સખી મંડળના શોપીંગ સેન્ટર ખાતે પણ ટુંક સમયમાં ખેડૂત શાકભાજી માર્કેટ શરૂ કરવાનું પણ કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે.

ગાંધીનગર શહેરના સેકટર – ૨૨ ખાતે પંચદેવ મંદિર પાસે ભરાતું શાકમાર્કેટ આ રવિવારથી સેકટર-૨૨ શોપીંગ સેન્ટર નજીક આવેલા અને પંચદેવ મંદિર પાછળના નવરાત્રિ મહોત્સવ ગ્રાઉન્ડમાં ભરાશે. તે ઉપરાંત ગાંધીનગર શહેરને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાનું હોવાથી અને પ્લાસ્ટિકની બેગનો વપરાશ ઘટાડવાના ઉમદા આશયથી શાકભાજી વેચવા આવનાર ખેડૂતોને કાગળ કે શણની ઈકો ફ્રેન્ડ્રલી બેગ ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવનાર છે.



## જપ્ત કરેલી રૂ. ૫૦૦/૧૦૦૦ની નોટો કોર્ટમાં જમા કરાવવાનું પોલીસે શરૂ કર્યું

રૂ. ૫૦૦/૧૦૦૦ની જુની નોટો રદ થતા હવે પોલીસ દ્વારા વિવિધ ગુનાઓમાં જપ્ત કે રીકવર કરેલી ચલણી નોટો કોર્ટમાં જમા કરાવવાની કામગીરી તેજ કરવામાં આવી છે તે અનુસંધાને ગાંધીનગર જિલ્લાની પોલીસે પણ પોત પોતાના પોલીસ સ્ટેશનમાં જપ્ત થયેલી ચલણી નોટોની ગણતરી કરીને તેને કોર્ટમાં જમા કરવાની કાર્યવાહી શરુ કરી છે. સે-૭ પોલીસે આજે નોટો ગણવાનું મશીન લાવીને વિડીયો રેકોર્ડીંગ સાથે ડો. કલ્યાણસિંહ ચંપાવતના જપ્ત કરેલા રૂ. ૧.૬૮ કરોડની ગણતરી કરી આ રૂપિયા કોર્ટમાં જમા કરાવ્યા હતા. તે ઉપરાંત ઈન્ફોસીટી પોલીસે રૂ. ૩૫ લાખ કોર્ટમાં જમા કરાવી દીધા છે.

## કલાગુર્જરી દ્વારા શનિવારે 'સરહદના સુર' કાર્યક્રમ

સંસ્કારનગરી, ગાંધીનગરની કલાપ્રેમી જનતા સમક્ષ સમૃદ્ધ અને માણવલાયક સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા તેના ૧૦મા વર્ષના ચતુર્થ કાર્યક્રમમાં કચ્છના કલાકારોના કામણ પ્રસ્તુત કરવાનું આયોજન કરેલ છે. મધુર અને હૈયે વસેલા યાદગાર ગીતોના આ કાર્યક્રમ સરહદના સુરમાં કચ્છની ધીંગી ધરાના ગાયકો અને વાદકોની સુરીલી રજુઆત માણવાની અમુલ્ય તક સંગીત પ્રેમીઓને પ્રાપ્ત થશે. કાર્યક્રમની પ્રસ્તુતી કચ્છના જાણીતા અને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસ્થાપિત કલાકારો દ્વારા થશે. જેને માણવાની તક ગાંધીનગરના કલા રસિક અને સુજ્ઞ શ્રોતાઓ ઝડપી લેશે એવી અપેક્ષા છે.

કલાગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૨૪ ડીસેમ્બર ૨૦૧૬ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા કલાગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે સૌને અનુરોધ કર્યો છે.

## @ગાંધીનગર

● સમદર્શન આશ્રમ તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પુ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખે કર્મયોગ વિષય પર જીવનોપયોગી "ગીતાજ્ઞાન" સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન સે. ૧૨ ઉમિયા માતાજી મંદિર હોલ ખાતે યોજાશે.

● ગાંધીનગર મહાનગરપાલિકાનો સેવાસેતુ કાર્યક્રમ સે-૨૪ આર્ય સમાજની વાડી ખાતે સવારે ૯ થી ૨ કલાક દરમિયાન યોજાશે.

## આર.સી. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ મધુર ડેરીની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લાની આર.સી. પટેલ શાળાના ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરતા ૧૧૦ વિદ્યાર્થીઓ સાથે ૨ માર્ગદર્શક શિક્ષક શ્રી પ્રવિણભાઈ પટેલ તથા શ્રી જીતેન્દ્રભાઈ પટેલે શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગ રૂપે મધુર ડેરી, ગાંધીનગરની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં વિદ્યાર્થીઓને ડેરી વિજ્ઞાન વિષેની માહિતી આપવામાં આવી હતી સાથે સાથે વિદ્યાર્થીઓને ડેરી ઉત્પાદન વિષેની સંપૂર્ણ માહિતી જાણવા મળી હતી. મધુર ડેરીના સ્ટાફ મિત્રોને વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

## રોહિત સમાજના આગેવાનોની બેઠક રવિવારે યોજાશે

સમગ્ર ગુજરાત રોહિત સમાજના તમામ ભાઈઓ/બહેનોને જણાવવાનું કે રોહિત સમાજના વિવિધ પ્રશ્નો માટે તા. ૧૦-૨-૨૦૧૭ના રોજ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી સંમેલનને સફળ બનાવવા તથા સંસ્થાને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવા તા. ૨૫-૧૨-૨૦૧૬ના રોજ બપોરે ૧.૦૦ કલાકે સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર ખાતે સમાજના આગેવાનોની તથા સભ્યોની બેઠક યોજાશે. આ બેઠકમાં હોદ્દેદાર તેમજ સભ્યોને સમયસર હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## વાતવાતમાં

● ડિજીટલ વિલેજ માટે જિલ્લા કલેકટરે એક જ દિવસમાં બે વાર બેઠક યોજી હતી. પ્રથમ બેઠકમાં બેંકર્સ અને બીજી બેઠક બેંક મિત્રો, ઈ-ગ્રામ ઓપરેટર્સ તથા બેંકર્સ સાથે યોજી હતી.

● કુડાસણના નિવૃત્ત અધિકારી સાથે વીમા પોલીસીના બહાને કરોડથી વધુ રૂપિયાની છેતરપીંડી કરવાના કેસમાં પોલીસે અગાઉ દીલ્હીના ચાર ઈસમોની ધરપકડ કરી હતી. કેસમાં પોલીસે દિલ્હીથી વધુ ચાર આરોપીઓની ધરપકડ કરી છે જેને ગાંધીનગર લઈ આવવામાં આવી રહ્યા છે.

● વીમા પોલીસીના નામે છેતરપીંડી કરનાર દિલ્હીની ગેંગ સાથે ફરિયાદી છેક વર્ષ ૨૦૧૩થી સંપર્કમાં હતો અને તેમને નિયમિત કામ આપતો હતો તેવું જાણવા મળ્યું છે. આ ફરિયાદીને આરોપી ગેંગ અંદરોઅંદર 'બુધ્ધુ'ના કોડવર્ડથી ઓળખતા હતા.

● ચિલોડા સર્કલથી પોલીસે ૬ મોટા ડમ્પર ઓવરલોડ હોવાને કારણે જપ્ત કર્યા છે. જિલ્લામાં ભારે વાહનો 'ઓવરલોડ'માં હંકારવાનું દૂષણ વધતું જાય છે જે અન્ય વાહન ચાલકો તથા રાહદારીઓ માટે ભારે ખતરારૂપ છે.

● ગ્રામ પંચાયતની ચૂંટણીઓને અનુલક્ષીને સંવેદનશીલ તથા અત્યંત સંદનશીલ વિસ્તારોનું તારણ કાઢી જુથવાદ સાથે ઘર્ષણ ના થાય તે અંગે સઘન પગલાં લેવાઈ રહ્યા છે. આ અંગે પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સઘન બેઠકોનો દૌર યોજવામાં આવી રહ્યો છે.

# ડીપીએસના રમતોત્સવમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકો ખિલી ઉઠયાં

## ઝુંપડપટ્ટીના બાળકોને રમાડી મેડલ્સ, સ્કૂલબેગ તથા ટી-શર્ટથી નવાજવામાં આવ્યા : રણજી ટ્રોફી ક્રિકેટર રોહિત દહિયાએ પ્રસંશા કરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે પાંચ દિવસીય સ્પોર્ટસ ફિએસ્ટા ચાલી રહ્યો છે. આ રમતોત્સવના ચોથા દિવસે અતિથિ વિશેષ પદે રણજી ટ્રોફી ક્રિકેટર રોહિત દહિયાની ઉપસ્થિતિમાં ડીપીએસ સંકુલ ખાતે ગાંધીનગરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોને વિવિધ રમતો રમાડી ઈનામો આપી પ્રોત્સાહિત કરવાનો પ્રેરણાદાયી કાર્યક્રમ હાથ ધરાયો હતો.

શહેરમાં બિનસરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો માટે પ્રતિ વર્ષ રમતોત્સવ શાળા સંચાલકો દ્વારા યોજવામાં આવતા હોય છે. પરંતુ ઝુંપડપટ્ટીમાં રહેતા





શ્રમજીવી પરિવારોના ગરીબ બાળકોને કોઈ રમતોત્સવનો લાભ મળતો નથી. આ કારણે અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ જરૂરિયાતમંદ વર્ગના હોવાને કારણે તક ના મળવાથી પોતાની પ્રતિભા ખીલવી શકતા નથી. ડીપીએસ સંકુલમાં ચાલી રહેલા રમતોત્સવ દરમિયાન શહેરના સે-૧૪માં મહાત્મા મંદિર સામેની સેવા વસ્તીમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને પણ સામેલ કરવામાં આવ્યા હતા. આ બાળકોને શાળા પરિવાર દ્વારા તેમના રહેઠાણથી ડીપીએસ સંકુલ ખાતે લઈ જઈ વિવિધ મનોરંજક રમતો રમાડવામાં આવી હતી. આ રમતોમાં વિજેતા બાળકોને મેડલ્સ તથા ઈનામો આપી સન્માનિત કરાયા હતા એટલું જ નહીં પરંતુ તમામ બાળકોને શાળા પરિવાર તરફથી શુભેચ્છાના પ્રતિક સ્વરૂપે સ્કૂલબેગ અને ટી શર્ટની ભેટ પણ અપાઈ હતી. રમતોત્સવ બાદ બાળકોને તેમના નિવાસસ્થાને પરત પહોંચાડવા સુધીની સેવા આપવામાં આવી હતી. ડીપીએસના આ પ્રસંશનીય કાર્ય બદલ ક્રિકેટર રોહિત દહિયાએ પણ શાળા પરિવારને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતાં.

# સુઘડ કેનાલમાં આપઘાત કરવા પહોંચેલી મહિલાને પોલીસે બચાવી

## અચાનક પોલીસનું ધ્યાન પડતા મહિલાને રોકીને પોલીસ ચોકી લઈ જઈ કાઉન્સીલરની મદદથી કાઉન્સેલીંગ કરાવ્યું ને કુટુંબીજનોને સોંપી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક સુઘડ નર્મદા કેનાલમાં આપઘાત કરવા પહોંચેલી એક મહિલા પર અડાલજ પોલીસનું પેટ્રોલીંગ દરમિયાન ધ્યાન પડતા તેણીને રોકીને બચાવી લીધી હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈન બોલાવીને મહિલા કાઉન્સીલર મારફતે આપઘાત કરવા પહોંચેલી મહિલાનું કાઉન્સેલીંગ કરાવી પોલીસે મહિલાને કુટુંબીજનોને પરત સોંપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મંગળવારે મોડી સાંજે અડાલજ પોલીસ મથકના પીએસઆઈ પી.સી. સરવૈયા તથા તેમની ટીમ નર્મદા કેનાલ નજીક પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અચાનક પોલીસનું ધ્યાન સુઘડ નર્મદા કેનાલની પાળી તરફ ધસી જતી એક મહિલા પર પડયું હતું. પોલીસ દોડીને મહિલા તરફ ગઈ અને તે મહિલા છલાંગ લગાવે તે પહેલા જ અટકાવી દઈને શાંતિથી સમજાવીને તેણીને પોલીસ ચોકી લઈ જવામાં આવી હતી. મહિલા કંટાળી ગયેલી જણાતી હતી તેથી કાઉન્સેલીંગની તેણીને જરૂર હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરીને પોલીસે મહિલા કાઉન્સીલર બોલાવી તેણીનું યોગ્ય કાઉન્સેલીંગ કરાવ્યું હતું અને ત્યાર બાદ કુટુંબીજનોને બોલાવીને સમસ્યાઓના સમાધાન કરાવી આપઘાત કરવાના ઈરાદે કેનાલે પહોંચેલી મહિલાને હસી ખુશી કુટુંબીજનો સાથે પરત ઘરે મોકલી હતી.

# વાસણ મહાદેવ ગામના વાહન ચોરને પાસા હેઠળ ધકેલાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં મિલ્કત સંબંધી ગુનાઓ પર અંકુશ લાવવા અગાઉ પકડાયેલા ગુનેગારોની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે તે ઉપરાંત ગુનામાં નાસતા ફરતા તત્વોની અટકાયત કામગીરી પણ તેજ કરવામાં આવી છે. આવા જ એક વાહનચોરીના ગુનામાં સંડોવાયેલા શખ્સની પાસા દરખાસ્ત કરવામાં આવી હતી તે મંજુર થતા વાસણ મહાદેવ ગામના શખ્સની ગાંધીનગર એલસીબીએ અટકાયત કરી પાસા હેઠળ વડોદરા સેન્ટ્રલ જેલ હવાલે કર્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણે વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા વાસણ મહાદેવના વણકર વાસમાં રહેતા શખ્સ મેહુલ છગન પરમાર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી ગાંધીનગર જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટે આ દરખાસ્ત મંજુરી કરી અટકાયતી હુકમ કરી વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે રાખવા હુકમ કર્યો હતો. જે અનુસંધાને ગઈ કાલે આ વાહનચોરીના ગુનામાં સંડોવાયેલા મેહુલ પરમારને પાસા વોરંટની બજવણી કરી તેની અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવામાં આવ્યો હતો.

# એ.એ. પટેલ કોમર્સ કોલેજ ખો-ખોમાં વિજેતા



અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલજના યજમાન પદે કડી સર્વ વિશ્વ વિદ્યાલયની મહિલા વિભાગની ખો-ખો સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં સતત આઠમી વાર અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ચેમ્પિયન બની હતી. સ્પર્ધાની ફાઈનલ મેચમાં આ ટીમે બીસીએ કોલેજ કડીની ટીમને ૨૦-૧૬ પોઈન્ટથી પરાજય આપ્યો હતો. ચેમ્પિયન ટીમમાં ગુલાબ જોગરાજીયા, અસ્મિતા જોગીયા, કૈલાશ જેડીયા, પૂજા પટેલ, કિંજલ પઢિયાર, જલ્પા રબારી, પ્રિયંકા રાણે, તાન્યા ગોસ્વામી, મિત્તલ પટેલ, વિધી પટેલ, સિધ્ધી ભાવસાર જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ સામેલ હતા. સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. તેમણે તથા કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા સહિત કોલેજ પરિવારે વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

# રોટરી કલબ ઓફ દહેગામ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

રોટરી કલબ ઓફ દહેગામ છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત છે. આ સંસ્થા દ્વારા દહેગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત રોટરી કલબ ઓફ દહેગામ, રોટરેકટ કલબ ઓફ દહેગામ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દહેગામ શાખાના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન વંદે માતરમ કોમ્પ્લેક્ષ દહેગામ ખાતે કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશનમાં ૧૦૧ બોટલ રકત એકત્ર થયું હતું.

આ કેમ્પમાં દહેગામ





નગરપાલિકાના પ્રમુખ સરલાબેન અમીન, કમલેશભાઈ અમીન તથા કારોબારી સમિતિના ચેરમેન મનસુખભાઈ પટેલ તેમના પત્ની તથા પુત્રીએ રકતદાન કરી સેવાયજ્ઞમાં આહુતિ આપી હતી. સાથે સાથે દહેગામના જાણીતા ડૉકટરો ડો. કવિત કોઠારી, ડૉ. ખુશ્બુ કોઠારી, ડૉ. શિવુભાઈ, ડૉ. રસિકભાઈ પટેલ સહિત નગરજનો, રોટરી પરીવારના મિત્રો, એસબીઆઈના સ્ટાફ મિત્રોના રકતદાનથી કુલ ૧૦૧ યુનિટ બ્લડ એકત્ર થયું હતું. જેનાથી જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મદદરૂપ થઈ શકશે. આ કેમ્પમાં પ્રથમા બ્લડ સેન્ટર દ્વારા બ્લડ એકત્ર કરાયું હતું.

અતિ સફળ આ બ્લડ ડોનેશન કેમ્પના આયોજનમાં રોટરી કલબના પ્રમુખ રોટે. જગદીશ પટેલ, પ્રોજેકટ ચેરેમન એજી. રોટે. તુલસી પટેલ, કલબ ટ્રેનર રોટે. મહેશ પટેલ, સેક્રેટરી રોટે. પલક શાહ, રોટરેકટ સેક્રેટરી જીત પટેલ સહિતના રોટેરિયન મિત્રો તથા એસબીઆઈના મેનેજર મોહમ્મદ શાહિદે ભારે જહેમત ઉઠાવી હતી.

# લાયન્સ કલબ દ્વારા ૨૪મીએ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર લાયન્સ કલબ દ્વારા તા. ૨૪ ડિસેમ્બરના રોજ સે-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજન ગ્રાઉન્ડમાં એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ક્રિકેટ ટુર્નામેન્ટમાં શહેરની અન્ય સેવાકીય સંસ્થાઓ પણ સહભાગી બનશે. લાયન્સ કલબના પ્રમુખ નિમેષ રાવલના જણાવ્યા મુજબ નામ નોંધણી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. મેચનો સમય ૭.૩૦, બપોરે ૩.૩૦ દરમિયાન રાખવામાં આવ્યો છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટ સામાન્ય નિયમો આધારીત રમાશે. ટેનીસ બોલ આધારીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રત્યેક મેચ ૧૦ ઓવરની રહેશે. ખેલાડીઓ માટે સંસ્થા દ્વારા ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. ફ્રેન્ડશીપ કપ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ૬ ટીમોએ ભાગ લીધો છે.

## ચિરવિદાય

● સ્વ. નિરવ બાબુલાલ પરમાર, ઉ.વ. ૨૩